# બંસીલાલ અમૃતલાલ કૃષિ મહાવિધાલયના એલમની અસોસીયેશન દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે અગિયારમો કન્વેન્શન કાર્યક્રમ યોજાયો

બંસીલાલ અમૃતલાલ કૃષિ મહાવિધાલય એલમની અસોસીયેશન દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે મંગળવાર, તા.૨૪.૦૨.૨૦૨૬ના રોજ બી. એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચરના ઓડિટોરિયમ હોલમાં બીએસીએ એલમની અસોસિયેશનના અગિયારમા કન્વેન્શન કાર્યક્રમનું આયોજન ડૉ. કે. બી. કથિરીયા, માનનીય કુલપતિશ્રી, આ.કૃ.યુ., આણંદના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એલમની અસોસિયેશનના સભ્યો, સભાસદો, ફેકલ્ટી તથા વિધાર્થીઓ મળીને અંદાજે ૪૦૦ લોકોએ ભાગ લીધો હતો. સદર કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. એસ. આર. પટેલ, પ્રમુખશ્રી, બીએસીએ એલમની અસોસિયેશન દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ હતું અને એલમની એસોસીએશન વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

કન્વેન્શનના અધ્યક્ષ અને આણંદ કૃષિ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયા દ્વારા બીએસીએ એલમની અસોસિયેશનની વિધાર્થીઓ, શિક્ષકો, ફાર્મમાં કામ કરતા શ્રમજીવીઓ તથા તેમના બાળકોને પ્રોત્સાહિત કરતી પ્રવૃતિઓને બિરદાવી હતી અને દેશમાં ગણનાપાત્ર એલમની અસોસિયેશનમાંનું એક જણાવ્યું હતું. વધુમાં એલમની અસોસિયેશનના દેશ-વિદેશમાં રહેતા સભ્યો દ્વારા ઉમદા દાન આપવાની તથા સંસ્થા પ્રત્યેની લાગણીના વખાણ કર્યા હતા. તેઓશ્રીએ આ.કૃ.યુ. દ્વારા કરવામાં આવેલ વિશેષ પ્રગતિ તથા રાષ્ટ્રિય લેવલે વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર અને સરાહનીય કામગીરી વિશે જાણકારી આપી હતી. તેમણે આ કોલેજના એલમની દ્વારા કરવામાં આવતી સેવાકીય તથા શૈક્ષણિક પ્રવૃતિઓનો લાભ લેવા ખાસ કરીને વિધાર્થીઓને અનુરોધ કર્યો હતો.

સમારંભના મુખ્ય મહેમાન ડૉ. રાજી રેડ્ડી ડાંડા (એલમની ૧૯૯૨), માનનીય કુલપતિશ્રી, શ્રી કોંડા લક્ષ્મણ તેલંગાણા બાગાયતી યુનિવર્સિટી, તેલંગાણા સદર કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. તેઓશ્રી દ્વારા આકૃયુની શિક્ષણ પધ્ધતિ અને સંશોધન કાર્યોની પ્રશંસા કરી હતી અને આ કોલેજના એલમની હોવાનો ગર્વ અનુભવ્યો હતો. વધુમાં જણાવ્યું હતુ કે હાલ હું જે કોઈ પદ સંભાળીર રહ્યો છું તેનો શ્રેય આ આણંદ કૃષિ યુનિવર્સિટીને જાય છે.

કન્વેન્શનના અતિથિ વિશેષ શ્રી અંબાલાલ પટેલ (એલમની ૧૯૭૧), નિવૃત્ત સહાયક કૃષિ નિયામક, ગાંધીનગર દ્વારા પોતાના કેરીયર ઘડતરમાં બંસિલાલ અમૃતલાલ કૃષિ મહાવિધાલય તથા શિક્ષકોનો આભાર વ્યક્ત કરતા જણાવેલ કે મારા અભ્યાસકાળ દરમ્યાન થયેલ તાલીમ થકી હું આજે આ સ્થાને પહોંચ્યો છું અને તેનો સંપૂર્ણ ફાળો આ સંસ્થાનો છે. તેમણે આ એસોસીએશન દ્વારા કરવામાં આવતી પ્રવૃતિઓની સરાહના કરી હતી અને તેઓશ્રી દ્વારા કરવામાં આવતા હવામાન અંગેની આગાહી બાબતે વિસ્તૃત માહિતી આપી હતી.

આ કાર્યક્રમના અતિથિ વિશેષ અને બંસિલાલ અમૃતલાલ કૃષિ મહાવિધાલયના દાતા કુટુંબના સભ્યશ્રી અમિતભાઇ શેઠ કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા આપી હતી અને વિદ્યાર્થીઓ માટે આર્થિક સહાય રૂપે દાનની રકમ અર્પણ કરી હતી.

કન્વેન્શનમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત ડૉ. એસ. એન. શાહ, સંશોધન નિયામક અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી,આ.કૃ.યુ., આણંદએ આ કોલેજના ઇતિહાસ તથા તેની વિશેષતાઓ વિશે જણાવતા કહ્યુ કતુ કે આજે આ કન્વેન્શનમાં મોટી સંખ્યામાં નિવૃત વૈજ્ઞાનિકો હાજર રહ્યા છે એ જ એઓસીએશનની મોટી તાકાત અને પ્રેરણાનો

સ્ત્રોત છે. તદ્ઉપરાંત, તેમણે આણંદ કૃષિ યુનિવર્સિટીને તાજેતરમાં મળેલા રાષ્ટ્રીય કક્ષાના એવાર્ડો તથા વિવિધ સંશોધનોની માહિતી આપી હતી. સદર કન્વેન્શનમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત ડૉ. જે. કે. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ પણ હાજર રહેલ હતા.

બીએસીએ એલમની એસોસીએશનના સેક્રેટરીશ્રી ડૉ. કે. સી. પટેલે એસોસીએશન દ્વારા વર્ષ દરમ્યાન આપવામાં આવતા મેડલ, એવાર્ડ, સ્કોલરશીપ અને કેશ પ્રાઇઝની જાહેરાત કરી મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા ખેતમજુરોને એનાયત કરવામાં આવ્યા હતા અને અંતે  હાજર રહેલ મહેમાનો, અધિકારીઓ, દાતાશ્રીઓ, વિધાર્થીઓ તથા એલમની સભ્યશ્રીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સદર કાર્યક્રમ વંદે માતરમ તથા રાષ્ટ્ર ગાન ગાઈને પુર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

અસોસીયેશનના મહત્વના મુદ્દાઓની ચર્ચા કરવા માટે બંસીલાલ અમૃતલાલ કૃષિ મહાવિદ્યાલયના એલમની અસોસીયેશનના પ્રમુખશ્રીના અધ્યક્ષ સ્થાને સામાન્ય સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## કાર્યક્રમની ઝાંખીઓ


















B. A. COLLEGE OF AGRICULTURE
11[th] Convention of BACA Alumni Association
Organized by
BACA ALUMNI ASSOCIATION
B. A. COLLEGE OF AGRICULTURE, ANAND AGRICULTURAL UNIVERSITY, ANAND 388 110
Date & Time: 24.02.2026, 10.00 am
Venue: BACA Auditorium













11th Convention of BACA Alumni Ass
Organized by
BACA ALUMNI ASSOCIATION
Venue: BACA Auditorium

B. A. COLLEGE OF AGRIC

B. A. COLLEGE OF AGRICUL
Venue: BACA Auditorium

BACA ALUMNI ASSOCIATION

11th Conventi
Venue: BACA Auditorium

Organized by
BACA ALUMNI ASSOCIATION
B. A. COLLEGE OF AGRICULTURE, ANAND AGRICULTURAL UNIVERSITY, ANAND
Date & Time: 24.02

11th Convention
BACA ALUMNI AS

11th Convention of BACA Alumni Association
Organized by
BACA ALUMNI ASSOCIATION
Date & Time: 24.02.2026, 10.00 am

B. A. COLLEGE OF AGRICULTURE, ANAND AGRICULTURAL

B. A. COLLEGE OF AGRICULTURE, ANA

B. A. COLLEGE OF AGRICU

Organized by
BACA ALUMNI ASSOCIATION
Time: 24.02.2026, 1


Organized by
BACA ALUMNI ASSOCIATION
Date & Time:








Organized by








Organized by
BACA ALUMNI ASSOCIATION






Organized by
BACA ALUMNI ASSOCIATION



Organized by

B. A. COLLEGE OF AGRICU
Venue: BACA Auditorium



BACA ALUMNI AS
B. A. COLLEGE OF AGRICULTURE, ANAND AGRI
BACA Auditorium


B. A. COLLEGE OF AGRICULTURE, ANAN
BACA Auditorium

-x-x-x-